તા. 23-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**તારીખ : 23-Nov-2024** **સવારે : 7.45 થી 7.55**

વાર : શનિવાર

***આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.***

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, તેમની સરકારે અમલમાં મૂકેલા રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્રને કારણે વિશ્વ હવે ભારતના વ્યૂહાત્મક મહત્વને સ્વીકારી રહ્યું.**
2) **મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભાની ચૂંટણી અને બે લોકસભા તેમજ 15 રાજ્યોની 48 વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીની આજે મતગણતરી.**
3) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.**
4) **ઇઝરાયેલ સંરક્ષણ દળ IDF એ જણાવ્યું કે, 3 કમાન્ડર સહિત 5 હમાસ સિપાઈઓ હવાઈ હુમલા ઠાર કરાયા.**
5) **ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કી રેડ્ડી આજે ચાઈના માસ્ટર્સ બેડમિન્ટન સ્પર્ધાની સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાની જોડી સામે રમશે.**
6) **પર્થમાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારત 7 વિકેટે 67 રનથી રમત આગળ વધારશે.**

..............................................

# PM- MEDIA SUMMIT

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે તેમની સરકાર દ્વારા છેલ્લા 10 વર્ષોમાં અમલમાં મુકવામાં આવેલા રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્રને કારણે વિશ્વ હવે ભારતના વ્યૂહાત્મક મહત્વને સ્વીકારી રહ્યું છે.**

તા. 23-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

પ્રધાનમંત્રીએ જર્મનીના સ્ટટગાર્ટમાં એક મીડિયા હાઉસ દ્વારા આયોજિત વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક કાર્યક્રમને સંબોધિત કરતી વખતે આ વાત કહી. કાર્યક્રમની વિષય વસ્તુ  હતી ભારત-જર્મનીઃ સતત વિકાસ માટે રૂપરેખા. શ્રી મોદીએ કહ્યું કે ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને દરેક દેશ વિકાસ માટે ભારતને સહકાર આપવા માંગે છે.

શ્રી મોદીએ કહ્યું કે, જર્મનીનો 'ભારત પર ફોકસ' દસ્તાવેજ તેનું ઉદાહરણ છે અને તે દર્શાવે છે કે, વિશ્વ કેવી રીતે ભારતના વ્યૂહાત્મક મહત્વને સ્વીકારી રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતે દરેક ક્ષેત્ર માટે નવી નીતિઓ શરૂ કરી છે અને 21મી સદીમાં ઝડપી વિકાસ હાંસલ કરવા માટે પોતાને તૈયાર કર્યું છે.

શ્રી મોદીએ કહ્યું કે તેમની સરકારે સરળ વેપારને પ્રોત્સાહન આપ્યું છે.  તેમણે કહ્યું કે વિકાસ માટે સસ્તી મૂડી ઉપલબ્ધ કરાવવા માટે ભારતે દેશમાં બેંકિંગ સિસ્ટમને મજબૂત બનાવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, વિકસિત ભારતના નિર્માણ માટે  મજબૂત પાયો નાખવામાં આવ્યો છે. જર્મની ભારતની વિકાસયાત્રામાં ભરોસાપાત્ર  ભાગીદાર બનશે.

શ્રી મોદીએ કહ્યું કે ભારત અને જર્મની વચ્ચેની પરસ્પર ભાગીદારી છેલ્લા કેટલાક વર્ષોમાં સતત મજબૂત બની છે. તેમણે કહ્યું કે ભારતમાં એક હજાર આઠસોથી વધુ જર્મન કંપનીઓ કામ કરી રહી છે અને આ કંપનીઓએ છેલ્લા ત્રણ-ચાર વર્ષમાં 15 અબજ ડોલરનું રોકાણ કર્યું છે.

શ્રી મોદીએ કહ્યું કે બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર લગભગ 34 અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. શ્રી મોદીએ કહ્યું કે ભારત વિશ્વનું મુખ્ય ઉત્પાદન કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. ભારત આજે  મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનમાં વિશ્વના અગ્રણી દેશોમાંનો એક છે.

શ્રી મોદીએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે કોઈપણ દેશના ઝડપી વિકાસ માટે ભૌતિક, સામાજિક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધારવું જરૂરી છે. તેમણે કહ્યું કે દેશમાં આ ત્રણેય મોરચે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. મણે જર્મન કંપનીઓને ભારતમાં તેમનું રોકાણ વધારવા આમંત્રણ પણ આપ્યું હતું.

............................................................

# COUNTINGBY POLLS

મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની મતગણતરી આજે હાથ ધરાશે. આ બંને રાજ્યોની સાથે, 15 રાજ્યોની 48 વિધાનસભા બેઠકો અને બે સંસદીય મતવિસ્તારની પેટાચૂંટણી માટે મતોની ગણતરી પણ હાથ ધરવામાં આવશે.

ઉત્તર પ્રદેશની નવ વિધાનસભા બેઠકો, રાજસ્થાનની સાત બેઠકો, પશ્ચિમ બંગાળની છ, આસામની પાંચ બેઠકો, બિહાર અને પંજાબની ચાર-ચાર, કર્ણાટકની ત્રણ બેઠકો, કેરળ, મધ્યપ્રદેશ અને સિક્કિમમાં બે-બે બેઠકો માટે પેટાચૂંટણી યોજાઈ હતી. છત્તીસગઢ, ગુજરાત અને ઉત્તરાખંડમાં એક-એક સીટ પર વિધાનસભાની પેટાચૂંટણી પણ થઈ હતી. કેરળમાં વાયનાડ સંસદીય મતવિસ્તાર અને મહારાષ્ટ્રમાં નાંદેડ સંસદીય મતવિસ્તારની પેટાચૂંટણી પણ યોજાઈ હતી. આ મહિનાની 13 અને 20 તારીખે સંબંધિત મતવિસ્તારો માટે પેટાચૂંટણી યોજાઈ હતી.

............................................................

# MAHARASHTRA - COUNTING OF VOTES

મહારાષ્ટ્રમાં એક તબક્કામાં યોજાયેલી વિધાનસભા ચૂંટણી માટે આજે મતગણતરી થશે, આ માટે તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. 288 સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભા માટે 20 નવેમ્બરે મતદાન થયું હતું.

તા. 23-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

રાજ્યની નાંદેડ સંસદીય બેઠકની પેટાચૂંટણી માટે પણ આજે મતગણતરી થવાની છે. તમામ નિયુક્ત કેન્દ્રો પર મતોની ગણતરી પોસ્ટલ બેલેટ સાથે સવારે આઠ વાગ્યે શરૂ થશે, ત્યારબાદ ઇવીએમ મતોની ગણતરી શરૂ થશે. વિધાનસભા ચૂંટણી માટે રાજ્યભરમાં કુલ 288 મતગણતરી કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત નાંદેડ પેટાચૂંટણી માટે અલગ કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. મતગણતરીમાં પારદર્શકતા સુનિશ્ચિત કરવા માટે 288 નિરીક્ષકો પણ તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે બે નિરીક્ષકો નાંદેડ પેટાચૂંટણીની મતગણતરી પ્રક્રિયા પર નજર રાખશે.

મતગણતરી સુચારુ અને સુવ્યવસ્થિત થાય તે માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. મતગણતરી કેન્દ્રો પર કેન્દ્રીય, રાજ્ય અને સ્થાનિક સુરક્ષા દળો તૈનાત કરાયા છે.

.........................................................

# BANASKANTHA VAV BY ELECTION

બનાસકાંઠા જિલ્લાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે આજે સવારે આઠ વાગ્યાથી મતગણતરી શરૂ કરાશે. પાલનપુર તાલુકાના જગાણામાં આવેલી સરકારી ઇજનેરી મહાવિદ્યાલયના મતગણતરી કેન્દ્રમાં આજે 321 બૂથની 23 રાઉન્ડમાં મતગણતરી કરાશે. આજે 10 ઉમેદવારોનું ભાવિ નક્કી થશે.

આ ચૂંટણી પ્રક્રિયામાં 159થી વધુ અધિકારી અને કર્મચારીઓ જોડાશે. ગઈકાલે જિલ્લા ચૂંટણી અધિકારીએ મતગણતરીની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. દરમિયાન તેમણે નિરીક્ષકોની ઉપસ્થિતિમાં સ્ટ્રોન્ગ રૂમ, મીડિયા સેન્ટર અને સીસીટીવી કેન્દ્રની મુલાકાત લીધી હતી.

.........................................................

તા. 23-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# UP BYE POLL COUNTING MORNING

ઉત્તરપ્રદેશમાં પણ નવ વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણીની મતગણતરી યોજાઇ છે. જે બેઠકો માટે પેટાચૂંટણી યોજાઈ છે તેમાં કટેહારી, કરહલ, મીરાપુર, કુંદરકી, ફુલપુર, સિસામઉ, ગાઝિયાબાદ, મઝવાન અને ખેરનો સમાવેશ થાય છે.

મતગણતરી કેન્દ્રો પર અર્ધલશ્કરી દળોની તૈનાતી સહિત ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. સૌ પ્રથમ પોસ્ટલ બેલેટ ત્યારબાદ ઈવીએમના મતોની ગણતરી કરવામાં આવશે. આ સાથે આજે 11 મહિલા ઉમેદવારો સહિત 90 ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. ઉત્તરપ્રદેશના મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું કે, કાનપુર જિલ્લાની સિસામાઉ સીટ પર સૌથી ઓછી 20 રાઉન્ડની મત ગણતરી થશે, જ્યારે સૌથી વધુ 32 રાઉન્ડની મત ગણતરી કુંડારકી, મંઝવાન, કરહાલ અને ફૂલપુર વિધાનસભા બેઠકો માટે છે.

.........................................................

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 116મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

.......................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.......................................................

# HAMAS KILLED

ઇઝરાયેલ સંરક્ષણ દળ IDF એ જણાવ્યું હતું કે, ત્રણ કમાન્ડર સહિત પાંચ હમાસ સિપાઈઓ હવાઈ હુમલામાં માર્યા ગયા છે. એક નિવેદનમાં, IDFએ જણાવ્યું હતું કે ઇઝરાયેલની સુરક્ષા એજન્સી પાસેથી મળેલી ગુપ્ત માહિતીને પગલે ઇઝરાયેલી વાયુસેના દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

હુમલામાં માર્યા ગયેલા ત્રણ કમાન્ડરોની ઓળખ જેહાદ મહમૂદ યેહિયા કહલોત, મુહમ્મદ રિયાદ અલી ઓકૈલ અને અનસ જલાલ મુહમ્મદ અબુ શકિયાન તરીકે કરવામાં આવી છે.

તા. 23-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ગયા વર્ષે 7 ઓક્ટોબરના રોજ ઇઝરાયલ વિરુદ્ધ હમાસના હુમલા દરમિયાન ઇઝરાયલના મેફાલસિમ ગામ નજીક હત્યા અને અપહરણમાં સામેલ હોવાનો તેમના પર આરોપ હતો. અન્ય નિવેદનમાં, IDFએ જણાવ્યું હતું કે તેણે બુધવારે દેર અલ-બાલાહ શહેરમાં રોકેટ યુનિટના કમાન્ડરને પણ ઠાર કર્યો હતો.

........................................................

# BADMINTON - CHINA MASTERS

ભારતની ટોચની જોડી ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી આજે ચાઈના માસ્ટર્સ બેડમિન્ટન ટૂર્નામેન્ટની પુરુષ ડબલ્સની સેમિફાઈનલમાં દક્ષિણ કોરિયાની જોડી જિન યોંગ અને સિઓ સેઉંગ જે સામે ટકરાશે.

ચીનના શેનઝેનમાં રમાઈ રહેલી આ ટુર્નામેન્ટની ગઈકાલે  રમયેલી ક્વાર્ટર ફાઇનલમાં ભારતીય જોડીએ કિમ એસ્ટ્રુપ અને એન્ડર્સ સ્કાર્પ રાસમુસેનની જોડીને 21-16, 21-19થી પરાજય આપ્યો હતો.

........................................................

# CRICKET - IND VS AUS

ક્રિકેટમાં પર્થમાં રમાઈ રહેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયા 7 વિકેટે 67 રનથી રમત આગળ વધારશે. ગઇકાલે પ્રથમ દિવસે જસપ્રીત બુમરાહે 4 વિકેટ ઝડપી હતી,  આ પહેલા ભારતીય ટીમ પ્રથમ દાવમાં 150 રન બનાવી શકી હતી. ટેસ્ટમાં પોતાની કારકિર્દી શરૂ કરી રહેલા નીતિશ કુમાર રેડ્ડીએ 59 બોલમાં 41 રન ફટકારીને ભારતીય ટીમ માટે સૌથી વધુ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે સૌથી વધુ 4 વિકેટ ઝડપી હતી.

........................................................

તા. 23-Nov-2024

સમય : સવારે 7.45(નેશનલ)

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો રજૂ કરશે છે નીકિતા શાહ....

1) મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીના આજે પરિણામ અંગેના સમચાર મોટાભાગના સમાચારપત્રોએ મુખ્યશીર્ષકમાં લીધા છે. ગુજરાત સમાચાર લખે છે, મહારાષ્ટ્ર-ઝારખંડ વિધાનસભા ચૂંટણીનો આજે ફેંસલો તો સંદેશે "આજે મહારાષ્ટ્ર-ઝારખંડ ચૂંટણીનું પરિણામ"ને મુખ્યશીર્ષક બનાવ્યું છે. રાજસ્થાન પત્રિકા મુખ્યશીર્ષકમાં લખે છે, કિસકે સર તાજ, ફૈસલા આજ.

2) નવગુજરાત સમયે "**NDA** કે ઇન્ડિયાઃ મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં આજે પરિણામો" શીર્ષક સાથે અહેવાલ પ્રકાશિત કર્યો છે.

3) દિવ્ય ભાસ્કરનું મુખ્યશીર્ષક છે, બિલ્ડરો-મકાન ખરીદનારા ચિંતા ન કરે, સરકાર રાહત આપશે, સ્ટેમ્પ ડ્યૂટી એક ટકા અને પ્રીમિયમ પણ ઘટી શકે.

4) નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, સેન્સેક્સમાં 5 મહિનાનો સૌથી મોટો એક હજાર 961 પૉઇન્ટનો ઉછાળો, તો ફૂલછાબે "આખલો બન્યો તોખારઃ શેરમાં તેજીનું તોફાન"ને મુખ્યમથાળું બનાવ્યું છે.

5) સૂચિત નવી જંત્રીમાં કૉમર્શિયલ મિલકતોના વેલ્યુએશન માટે "રોડ ફ્રન્ટેજ"નું પરિબળ આ શીર્ષક સાથે સંદેશે અહેવાલ પ્રકાશિત કર્યો છે.

6) ફૂલછાબ લખે છે, નેટફ્લિક્સ, હૉટસ્ટારને ટક્કર આપશે સરકારી **OTT** વેવ્સ.

7) અમેરિકી સરકાર ગૌતમ અદાણીના પ્રત્યાર્પણની માગ કરે તેવી સંભાવના આ સમાચાર ગુજરાત સમાચારનું શીર્ષક છે.

8) નવગુજરાત સમય લખે છે, છેવટે જનતાને જ નુકસાન, અદાણી મામલે રાહુલ ગાંધીનો આક્ષેપ.

**(DESK- PRAVESH, DATE: 23/11/2024)**